# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## સંશોધન સમિતિની ૧૫મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની ૧૫મી બેઠક કરવા અંગે માન.કા.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠકનું આયોજન તા.૧૮/૦૧/૨૦૨૩નાં રોજ બપોરે ૦૪:૩૦ કલાકે માન.કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) ડૉ. લલિતકુમાર એ.પટેલ, માન.કા.કુલપતિશ્રી
(૨) પ્રો. વિનોદ કુમાર ઝા
(૩) ડૉ. ભગવતીબેન ડાભી
(૪) ડૉ. કાર્તિક પંડ્યા
(૫) શ્રી ભાવિન પંડ્યા

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવેલ, કરેલ કામગીરીનો અહેવાલ પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી અને ત્યારબાદ માન.કા.કુલપતિશ્રીની સહમતી મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

(૧) યુનિવર્સિટીના Research Project (Seed Grant) Regulations of SSSU-Veraval (4 pages)માંથી તારીખો દૂર કરીને આખા વર્ષ દરમ્યાન ગમે ત્યારે અધ્યાપકશ્રીઓ/શૈક્ષણિક સ્ટાફ ઉક્ત વિગતે અરજી કરી શકે તેમ સુધારા કરવા સમિતિ ભલામણ કરે છે. અન્ય તમામ વિગતો/બાબતો/શરતો યથાવત્ રાખવા સમિતિ ભલામણ કરે છે.

(૨) તા. ૦૭-૧૧-૨૦૨૨ના રોજ The Gazette of Indiaમાં પ્રસિદ્ધ થયેલ University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, 2022ની અમલવારી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ની યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓની યાદી પ્રસિદ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૪) ડૉ.ગૌરીશંકરભાઈ જોષીની પીએચ.ડી. માર્ગદર્શકતા અંગેની પૂર્તતા આવેલ હોય તેની ચકાસણી કરતા તેઓશ્રીની અરજી માન્ય ઠરેલ છે. માન્ય રહેલ અરજીની બહાલી આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં મેળવી તેઓને માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ની માર્ગદર્શકશ્રીઓની યાદીમાં તેમનું નામ સમાવિષ્ટ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૫) પીએચ.ડી. મહાશોધનિબંધ મૂલ્યાંકન અર્થે અત્રે આવેલ રેફરીશ્રીઓની યાદીની સમિતિએ સમીક્ષા કરતાં માન.કા.કુલપતિશ્રીએ જે સુધારા-વધારા સૂચવ્યા છે, તે મુજબ ફેરફાર કરી તેમજ થયેલ ફેરફારની જાણ જે-તે ડીનશ્રીને કરીને તેની બહાલી આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં મેળવી તેની અમલવારી કરવા, સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

**અધ્યક્ષશ્રીનાં સૂચનો-**

(૬) યુનિવર્સિટી ખાતે છેલ્લા પાંચ વર્ષમાં જમા થયેલ પીએચ.ડી.નાં મહાશોધનિબંધ યુનિવર્સિટીની રિપોઝેટરી અને યુજીસીના શોધગંગા પોર્ટલમાં પ્રકાશિત કરવા માટે તારીખ ૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં સંશોધન વિભાગે તૈયાર કરીને ગ્રંથાલય વિભાગને સોંપવા જણાવેલ છે.

(૭) શાસ્ત્રી/આચાર્ય રિસર્ચ પ્રોજેક્ટ (૫૦ ગુણ)નું પ્રારૂપ, નિયમો તથા મૂલ્યાંકનનું માળખું તૈયાર કરીને અગ્રિમ એ.સી./ઈ.સીની બેઠકમાં બહાલી મેળવી તેની અમલવારી કરવાની થાય છે.

(૮) યુનિવર્સિટી શોધપત્રિકા શોધજ્યોતિઃ નાં અંક-૦૪ની પ્રેસકોપી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધીમાં તૈયાર કરીને તેનાં પ્રબંધ-સંપાદક પ્રો.વિનોદ કુમાર ઝાને સોંપવાની થાય છે, જેથી તેનું સંપાદન કાર્ય આગામી ૧૫માં દીક્ષાન્ત સમારોહ પૂર્વે પૂર્ણ થઈ શકે અને સમારોહમાં તેનું લોકાર્પણ થઈ શકે.

(૯) અત્રેની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં શોધાર્થીઓ તથા આચાર્યકક્ષાનાં છાત્રોને વિવિધ સ્કોલરશીપ/ફેલોશીપ અંગેની માહિતી આપવા એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન સંશોધન વિભાગ દ્વારા કરવાનું થાય છે.

(૧૦) અત્રેની યુનિવર્સિટી પરિસરમાં કાર્યરત અધ્યાપકો/શૈક્ષણિક સ્ટાફ માટે CAS અંગેનાં યુજીસીનાં નિયમોથી માહિતગાર કરવા એક વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન સંશોધન વિભાગ દ્વારા કરવાનું થાય છે.

(૧૧) વિવિધ રિસર્ચ સેન્ટર તથા હસ્તપ્રત ભંડારો સાથે યુનિવર્સિટીનાં સંશોધન વિભાગ દ્વારા MoU કરવાનું થાય છે, જેથી દુર્લભ હસ્તપ્રતો/તેની નકલો મેળવી તે ક્ષેત્રમાં સંશોધન કાર્ય કરાવી શકાય.

(૧૨) આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪માં પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા (PET)નું આયોજન કરવાનું થાય છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ.કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી